જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૩/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૯૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૬	૧	૧૧૩૦૭	૧૭૪૨૬	૧	૧૭૪૨૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૧૨૫	૧૨	૨૯૧૩૭	૩૦૪૮૮	૧૨	૩૦૫૦૦
કુલ		૪૫૨૦૩	૧૩	૪૫૨૧૬	૫૪૪૧૮	૧૩	૫૪૪૩૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮	૯,૦૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯૬	૫,૯૬,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે પ્રો,પો.સબ.ઇન્સ કે.ડી.પટેલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ક.૨૧/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૨/૦૦ વાગે ગુ.હા.બોર્ડ એસ.આર.પી.ગેટ નં.૨ ની બાજુમાં કૃષ્ણનગર પાસે આવતા સાથેના લોકરક્ષક મહાવીરસિંહ ધીરૂભા બ.નં.૫૭૮ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " ગુ.હા.બોર્ડ પરીશ્રમનગર એસ.આર.પી ગેટ ૨ ની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં દિવાલ પાસે જાહેરમાં એક સફેદ કલરની ટ્રેક્ષી પાર્કીંગ ટાટા ઇન્ડીગો ગાડી નંબર-GJ.01.DX.6649 ની પડેલ છે જે ગાડીમાં ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂ ડેકીમાં ભરેલ છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પ્રો,પો.સબ.ઇન્સ કે.ડી.પટેલ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી હકિકત વાળી જગ્યાએ રેઇડ કરી આજરોજ તા.૧૬/૦૩/૨૦૨૧ ના ક.૨૩/૩૦ વાગે સદરી જગ્યાએથી ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂ ૧૮૦ એમ.એલ.ના ક્વાર્ટસ નંગ-૯૫ તથા કુલ્લે કિ.રૂ.૧૪,૨૫૦/-તથા ૭૫૦ ML ની બોટલ નંગ-૧૨ કુલ્લે કિ.રૂ.૬,૦૦૦/-તથા ટાટા ઇન્ડીગો ગાડી કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-મળી તમામ મુદ્દામાલ ની કુલ્લે કિ.રૂ.૧,૭૦,૨૫૦/-નો મુદ્દામાલ મળી આવી ધી.પ્રોહી કલમ-૬૬(બી), ૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી ગાડીના ડ્રાઇવર ચાલક બાબતે તપાસ ચાલુ રાખી પ્રોહીબીશન નો કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે

મુદ્દામાલ :- ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂની MC Dowells no 1 SUPERIOR WHISKY ORIGINAL ત્રણ પેટીઓ જેમાં ૧૮૦ ML ના ૪૭-નંગ નાની-નાની બોટલોના ક્વાર્ટસ તથા બીજી પેટીમાં ૪૮-નંગ નાની-નાની બોટલોના ક્વાર્ટસ મળી કુલ્લે ક્વાર્ટસ નંગ-૯૫ જે એક ક્વાર્ટસ ની કિ.રૂ.૧૫૦ લેખે કુલ્લે ૯૫ નંગ-ક્વાર્ટસ ની કુલ્લે કિ.રૂ.૧૪,૨૫૦/-તથા ત્રીજી પેટીમાં ૭૫૦ ML ની મોટી બોટલ નંગ-૧૨ જે એક બોટલ ની કિ.રૂ.૫૦૦/-લેખે ૧૨-નંગ બોટલો ની કુલ્લે કિ.રૂ.૬,૦૦૦/-તથા ટાટા ઇન્ડીગો ગાડી કિ.રૂ.૧,૫૦,૦૦૦/-મળી તમામ મુદ્દામાલ ની કુલ્લે કિ.રૂ.૧,૭૦,૨૫૦/-નો મુદ્દામાલ

આરોપીનુ નામ:-

એક સફેદ કલરની ટ્રેક્ષી પાસીંગ વાળી ટાટા ઇન્ડીગો કાર ગાડી નં.GJ 01 DX 6649 નો ચાલક

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ક.૨૦/૪૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૧/૦૫ વાગે સૈજપુર ટાવર ખોડીયાર માતા ના મંદિર પાસે આવતા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ નાઓને સંયુકત ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **એક ઇસમ કે જેણે શરીરે નેવી બ્લ્યુ કલરની ગોળ ગળા ની ટી-શર્ટ તથા કાળા કલરનો લેંગો પહેરેલ છે જે ઇસમ ના એક પગે પાટો બાંધેલ છે તે ઇસમ નામે સુનિલ સુભાષભાઇ શર્મા નાનો ફદેલી ભગવતી ચોક ખાતે પોતાના રહેણાંક મકાન આગળ જાહેરમાં હાથમાં એક કાળા કલરના થેલા માં કેટલોક ઇગ્લીસ દારૂનો જથ્થો રાખી ઉભો છે અને કોઇની રાહ જોતો હોય તેવુ જણાય છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી હકિકત વાળી જગ્યાએ રેઇડ કરી એક ઇસમને આજરોજ તા.૧૬/૦૩/૨૦૨૧ ના ક.૨૨/૧૦ વાગે સદરી જગ્યાએથી ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂની VINTAGE ORANGE ORANGE VODKA ૧૮૦ એમ.એલ.ની નાની-નાની બોટલ નંગ-૪૮ ક્વાર્ટસ કુલ્લે કિ.રૂ.૪,૮૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મુદ્દામાલ કબ્જે કરી ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી પ્રોહીબીશન નો કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૭/૦૩/૨૦૨૧

આરોપીનુ નામ:- સુનિલભાઇ સ/ઓ સુભાષભાઇ તેજપાલ જાતે શર્મા ઉ.વ.૪૧ રહે,ભગવતી ચોક તખુજીની ચાલી ની સામે ફદેલી સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ :- ભારતીય બનાવટની ઇંગ્લીસ દારૂની VINTAGE ORANGE ORANGE VODKA ૧૮૦ એમ.એલ.ની નાની-નાની બોટલ નંગ-૪૮ ક્વાર્ટસ કુલ્લે કિ.રૂ.૪,૮૦૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ પો.સબ.ઇન્સ શ્રી જે.બી.ચૌહાણ તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ કલાક.૧૪/૧૦ વાગ્યાથી ખાનગી વાહનોમાં પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૪/૩૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપર આવતા **લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.ન.૧૦૯૫** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **ઠક્કરનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે આવેલ કલાસાગર કોમ્પલેક્ષ ના ખુલ્લા ધાબા ઉપર કેટલાક ઇસમો જે ગંજી પાના વડે હારજીતનો જુગાર રમી રમાડે છે.**" જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ કલાસાગર કોમ્પલેક્ષ ના ધાબા ઉપર સીડી વાટે જઇ ધાબા ઉપર આવેલ કેબીન ની પાછળ ના ભાગે કેટલાક ઇસમો પૈસા તથા ગંજી પાના વડે હારજીતનો જુગાર રમી રમતા હોય જેથી સદરી જગ્યાએ રેઇડ કરી જુગાર રમતા અગિયાર આરોપીઓને જુગારના સાધનો કુલ્લે કિ.રૂ.૫૮,૧૦૦/- ના મુદ્દામાલ સાથે ક.૧૬/૪૫ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબ પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૬/૦૩/૨૦૨૧

મુદ્દામાલ :-

જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૩,૧૭૦/-તથા દાવના રોકડા નાંણા રૂ.૨,૯૩૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૬,૧૦૦/-તથા પેપરનો ટુકડો કિ.રૂ.૦૦/૦૦ તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૯ કુલ્લે કિ.રૂ.૪૨,૦૦૦/-મળી તમામ ની કુલ્લે કિ.રૂ.૫૮,૧૦૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી જે.બી.ચૌહાણ તથા અ.પો.કો જયરાજસિંહ નરેન્દ્રસિંહ બ.નં.૧૦૪૦૨ તથા એલ.આર વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.ન.૧૦૯૫ તથા એલ.આર.રણવીરસિંહ અજીતસિંહ બ.નં.૨૩૩

આરોપીઓનું નામ :-

(૧)સંજયભાઇ સ/ઓ વલ્લભભાઇ જાતે દેસાઇ(પટેલ) ઉ.વ.૪૫ રહે,૫,ધર્મનંદન સોસાયટી ઉમા સ્કુલની બાજુમાં નિકોલ નરોડા રોડ અમદાવાદ શહેર +૧૦=૧૧

આરોપીઓનો ફોટો



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૬/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૬/૪૦ વાગે બાપા સિતારામ ચોક ખાતે જાહેર રોડ ઉપર આવતા સર્વેલન્સ સ્કોર્ડના **અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **ઉમિયાધામ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં સિરોમણી સોસાયટી પાસે બાપા સિતારામ ચોક પાસે કેટલાક ઇસમો જુગાર રમે છે અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે.**" જે બાતમી હકીકત આધારી સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ **ઉમિયાધામ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં** રેઇડ કરી જુગાર રમતા સાત આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૯,૯૮૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૧,૪૦૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૧,૩૮૦/-ના મુદ્દામાલ સાથે ક.૧૯/૧૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૬/૦૩/૨૦૨૧

મુદ્દામાલ :-

જુગાર રમવાના સાધનો અંગજડતીના નાંણા રૂપિયા ૯,૯૮૦/-તથા દાવના નાંણા રૂપિયા ૧,૪૦૦/- તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૧,૩૮૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨

આરોપીઓનું નામ :-

(૧)વિજયભાઇ સ/ઓ પ્રહલાદભાઇ જાતે ઠાકોર ઉ.વ.૩૮ રહે,મ.નં-૧૧,ઉમિયાધામ ફ્લેટ શિરોમણી સોસાયટી પાસે બાપા સિતારામ ચોક નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૬=૭

આરોપીઓનો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૯૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૧૫૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ કવાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૯૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૯૭/૨૦૨૧**

વેજલપુરઃ મુકેશભાઇ કેહરભાઇ ડોડીયા (રહે. નીલકંઠ ડુપ્લેક્ષ, ચામુંડાનગર સામે, બુટભવાની મંદિર પાસે, વેજલપુર) એ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૩૦ થી તા.૧૫/૦૩/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કિમત રૂપિયા ૭,૨૦,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭,૨૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૯૮/૨૦૨૧**

કારંજઃ હેમલત્તાબહેન વા/ઓ હરીશભાઇ જીનગર (રહે.શાહપુરા તા.ભીલવાડા રાજસ્થાન) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન કારંજ સહારા હોટલ રીલીફ રોડ, સલાપસ રોડ ખાતે અજાણી વ્યક્તિએ હેમલત્તાબહેનની નજર ચુકવી, હેમલતાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.પરમાર ચલાવે છે.

ઓઢવઃ પરીમલભાઇ પ્રફુલચંદ્ર પટેલ (રહે.આરોહી રેસીડેન્સી, સોબો સેન્ટર પાછળ, એસ.પી.રીંગ રોડ સાઉથ બોપલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૧ કલાક ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ટી.જી.વી. હોટલ પાસે આવેલ સિધ્ધી વિનાયક આર્કેડના બેઝમેન્ટ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૫૫,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો સાથેનુ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૪૯૯/૨૦૨૧**

કૃષ્ણનગરઃ ભુપેન્દ્રસિહ અભેસિહ જોધ્ધા (રહે.અંબાલાલ પાર્ક, સી.એમ.ઠાકર સ્કુલ પાસે, નવા નરોડા) એ તા.૧૩/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની મારૂતી એકસિયાઝ વી.ડી.આઈ કાર નંબર જીજે.૦૧.આરએક્સ ૮૮૦૩ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૪/૦૩/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભુપેનદ્રસિહ જોધ્ધાએ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.વાઘેલા ચલાવે છે.

દસમા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૦૦/૨૦૨૧**

નિકોલઃ જશવંતભાઈ જબરાભાઈ કોળી (ઉ.વ.૩૦) (રહે.પાલડી ગામ એસટી બસ સ્ટેન્ડની સામે, પાલડી) તા.૧૬/૩/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નિકોલ પાંડવ વાડી પ્રધાનમંત્રી આવાસ યોજના બ્લોક નંબર “એ”, દસમા માળે ધાબાનું સેન્ટીંગ કામ કરતા હતા ત્યારે દસમા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૦૧/૨૦૨૧**

નારોલઃ નારોલ હાઇ-ફાઇ ચાર રસ્તા નારોલ કોર્ટ પાછળ વિજયનગર ખાતે રહેતા સુનિલભાઇ સુરેશભાઇ કઠેરીયાનો એક વર્ષ અને ચાર માસનો પુત્ર કિષ્ના તા.૧૬/૦૩/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા પાણીની કુંડીમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૦૨/૨૦૨૧**

રીવરફ્રન્ટ ઇસ્ટઃ જિજ્ઞેશભાઇ મનુભાઇ સોલંકી (ઉ.વ.૩૪)(રહે.સાબરનગર કાશ્મીરા મહાદેવ પાસે, જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૩૫ વાગ્યા પહેલા દધિચિબ્રિજ અને ગાંધીબ્રિજ વચ્ચે એમ.પી.ની ચાલી સામે આવેલ રીવરફ્રન્ટ વોક-વે ની સીડી નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

પાલડીઃ મણીબહેન હરજીભાઈ રબારી (ઉ.વ.૫૫)(રહે.બેઝમેન્ટ સરવન્ટ રૂમ નં.૪, આત્મજ ફ્લેટ, મોતીનગર સોસાયટીની બાજુમાં પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૩/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ પુનાજી ચલાવે છે.

ઓઢવઃ સંગીતાબહેન રાજેશકુમાર પંચાલ (ઉ.વ.૩૯)(રહે.દક્ષ રેસીડેન્સી, આપા સીતારામ ચોકડીની બાજુમાં નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ઇન્દીરાવિહાર સોસાયટીના બીજા ગેટ પાસે પોતાની જાતે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૩/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

ઓઢવઃ મનીષાબહેન ડો/ઓ શ્રીનિવાસ મુદલીયાર (મદ્રાસી) (ઉ.વ.૧૭)(રહે.વિક્રમભાઇની ચાલી, કરશનનગર ગેટ નં.૮, રબારી વસાહત, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી